# ભારે વરસાદ બાદ ગ્રામ્ય જીવનની ધમની સમાન માર્ગોને ફરી ધબકતા બનાવવાનો સ્તુત્ય પ્રયાસ





## અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ગ્રામ્ય વિસ્તારમાં બંધ થયેલા માર્ગો પૈકી ૧૧ માર્ગો સંપૂર્ણપણે પૂર્વવત કરાયાં

અમરેલી:

ભારે વરસાદ બાદ જ્યારે ગામડાઓના માર્ગો પર પાણી ફરી વળે છે, ત્યારે સૌથી મોટી ચિંતા માત્ર રસ્તાની નહીં, પરંતુ ગામના દૈનિક જીવનની હોય છે. શાળાએ જતાં બાળકો, દૂધ લઈને નીકળતા પશુપાલકો, ખેતરે જતાં ખેડૂતો અને તબીબી જરૂરિયાત ધરાવતા લોકો માટે રસ્તો એટલે જીવનરેખા. આવા સમયે અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા હાથ ધરાયેલી ઝડપી કામગીરીએ ગ્રામ્ય જીવનને ફરી ગતિ આપવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તક અંદાજે ૩,૨૦૦ કિલોમીટર જેટલો વિશાળ ગ્રામ્ય માર્ગ વિસ્તાર આવેલો છે. તાજેતરના ભારે વરસાદને કારણે સાવરકુંડલા, ધારી, ચલાળા, રાજુલા અને જાફરાબાદ સહિતના વિસ્તારોમાં અનેક માર્ગોને નુકસાન પહોંચ્યું હતું અને કેટલાક માર્ગો સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા. જો કે, તંત્રે સમય ગુમાવ્યા વિના વિવિધ ટીમો બનાવીને મરામત કામગીરી શરૂ કરતાં અત્યાર સુધીમાં સંપૂર્ણ બંધ થયેલા માર્ગો પૈકીના ૧૧ માર્ગો ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી સ્મિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ ૦૬ સબ-ડિવિઝનમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, સેક્શન અધિકારીશ્રીઓ તથા ટેકનિકલ સ્ટાફ સતત સ્થળ પર રહી કામગીરીનું સંકલન કરી રહ્યા છે. વિભાગના અધિકારીશ્રીઓ અને સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સંયુક્ત સ્થળ નિરીક્ષણ દરમિયાન અત્યાર સુધીમાં ૭૮ માર્ગોને નાની-મોટી નુકસાની પહોંચ્યું હોવાનું ધ્યાને આવ્યું છે.

મરામત કામગીરીમાં આધુનિક યાંત્રિક સાધનો અને માનવબળનો સુમેળ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હાલ ૪૨ જે.સી.બી., ૧૮ ડમ્પર, ૧૦ ટ્રેક્ટર, રોલર તથા ૬૦થી વધુ શ્રમિકો સતત કાર્યરત છે. વરસાદથી ધોવાઈ ગયેલા માર્ગોને ફરી મજબૂત બનાવવા માટે વેટ મિક્સ, પેચવર્ક, સાઈડ શોલ્ડર મરામત અને લેવલિંગ જેવી ટેકનિકલ કામગીરી ઝડપભેર કરવામાં આવી રહી છે, જેથી માર્ગો માત્ર ખુલ્લા જ નહીં પરંતુ સુરક્ષિત અને ટકાઉ પણ બને.

કાર્યપાલક ઈજનેરશ્રી સ્મિત ચૌધરીએ જણાવ્યું હતું કે, વિભાગનું લક્ષ્ય આગામી ૪૮ કલાકમાં તમામ બંધ માર્ગોને પૂર્વવત કરીને ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર સંપૂર્ણપણે સામાન્ય બનાવવાનું છે. વરસાદી પરિસ્થિતિ વચ્ચે પણ મેદાનમાં રહીને અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહેલી સતત દેખરેખ અને ઝડપી નિર્ણય પ્રક્રિયાના કારણે કામગીરીમાં નોંધપાત્ર ગતિ જોવા મળી રહી છે.

ગ્રામ્ય માર્ગો માત્ર મુસાફરી માટેના રસ્તા નથી, પરંતુ ગામડાંની અર્થવ્યવસ્થા, કૃષિ અને સામાજિક જીવનની ધમની સમાન છે. ઘણા વિસ્તારોમાં વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ હોવાને કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાયો નથી, છતાં સામાન્ય નાગરિકોને સરળ અને ટૂંકા અંતરની અવરજવર ફરી ઉપલબ્ધ થાય તે માટે વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે.પ્રકૃતિ સામે માનવની લડાઈમાં ઘણી વખત પડકારો મોટા હોય છે, પરંતુ સમયસરની આયોજનબદ્ધ કામગીરી અને સેવાભાવથી તે પડકારોને તકમાં ફેરવી શકાય છે.

અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા હાથ ધરાયેલી આ કામગીરી માત્ર રસ્તાઓની મરામત પૂરતી સીમિત નથી, પરંતુ તે ગ્રામ્ય જનજીવનને ફરી ગતિ આપવાનો, લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનો અને વિકાસના પૈડાં અટકવા ન દેવાનો એક જીવંત પ્રયાસ છે.

# લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી: લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૦ જુલાઈ,૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ખેડૂતો માટે સોયાબીન અને દિવેલા બ્લોક નિદર્શન સહિત વિવિધ કૃષિ ઈનપુટ્સ પર ૫૦ ટકા સહાય ઉપલબ્ધ

અમરેલી:ખેતીવાડી શાખા, તાલુકા પંચાયત અમરેલી દ્વારા અમરેલી તાલુકાના તમામ ખેડૂતોને જાણ કરવામાં આવે છે કે હાલ વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ સહાયનો લાભ મેળવવાની તક ઉપલબ્ધ છે.

ખેડૂતોને સોયાબીન બ્લોક નિદર્શન તથા દિવેલા બ્લોક નિદર્શન યોજનાઓ હેઠળ ૫૦ ટકા સહાય આપવામાં આવી રહી છે. ઉપરાંત ટ્રાયકોટોડર્મા , એલ.એફ.ઓ.એમ. , પ્રોમ અને નીમ ઓઈલ પર પણ ૫૦ ટકા સહાય ઉપલબ્ધ છે.

આ યોજનાઓનો લાભ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવનાર હોવાથી લાભ લેવા ઈચ્છુક ખેડૂતોએ વિલંબ કર્યા વગર પોતાના વિસ્તારના ગ્રામસેવક (ખેતીવાડી) નો તાત્કાલિક સંપર્ક કરી જરૂરી કાર્યવાહી કરવા શ્રી, આર.એમ.શેખવા વિસ્તરણ અધિકારીશ્રી ખેતી, તાલુકા પંચાયત અમરેલી અનુરોધ કરવામાં આવે છે.

# લાઠી એસડીએમ કચેરીમાં અરજદારનો આગ લગાવી આપઘાતનો પ્રયાસ!

## આત્મવિલોપનનો પ્રયાસ કરતાં કચેરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો

અમરેલી:

લાઠીની એસડીએમ કચેરી ખાતે RTI હેઠળ મળેલી માહિતીથી અસંતુષ્ટ એક અરજદારે કાકડીમાં કપડું બાંધી આગ લગાવી આત્મવિલોપન નો પ્રયાસ કરતાં કચેરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ગઈ કાલે બપોરના સમયે લાઠી જીહ્રસ કચેરી ખાતે અરજદાર રજનીકાંત રાજ્યગુરૂ અગાઉ RTI હેઠળ માંગેલી માહિતી અંગે રજૂઆત કરવા પહોંચ્યા હતા. તેઓએ અધિકારીઓને મળેલી માહિતી અંગે અસંતોષ વ્યક્ત કરી ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. અને તેઓ પોતાની સાથે લાકડીમાં કપડું બાંધી તેમાં જ્વલનશીલ પદાર્થ છાંટી લાવ્યા હતા.બાદમાં દીવાસળી વડે કપડાને આગ ચાંપી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાના કારણે કચેરીમાં હાજર કર્મચારીઓ અને અરજદારોમાં દોડધામ મચી ગઈ હતી.આ બનાવ અંગે નાયબ કલેક્ટર નિરવ ઈન્દ્રવદન બ્રહ્મભટ્ટ દ્વારા લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

# બગસરામાં મહોરમના દિવસે ગુમ થયેલ મહિલાનું જાનવરે ખાધેલું હાડપિંજર મળ્યું

બગસરા:બગસરાના હુડકો વિસ્તારમાંથી હાડપિંજર મળી આવતા ચકચાર મચી હતી. આ હાજપિંજર તાજીયા દરમિયાન ગુમ થયેલી અસ્થિર મગની મહિલાના હોવાનું તારણ વ્યકત કરવામાં આવી રહ્યું છે. જો કે મૃતદેહને ભાવનગર એફએસએલમાં ખસેડવામાં આવ્યો છે.

બગસરામાં તારીખ ૨૬ ના રોજ તાજીયા ઝુલુસ દરમિયાન વિજય ચોકમાંથી હમીદાબેન હનીફભાઈ ભટ્ટી (ઉ.વ.૬૦) શહેરના હુડકો કોલોની રહેતા હતા જે ખોવાઈ ગયા હતા. આ અંગે સમાજના અગ્રણીઓ તેમજ તેમજ આ મહિલાના ઘરના સભ્યો દ્વારા પોલીસ સ્ટેશન અરજી કરવામાં આવેલી હતી.

જયારે આજે આ મહિલાનું શહેરના હુડકો વિસ્તારમાં આવેલા નરસીંગ સ્કૂલની પાછળની સાઈડથી હાડપિંજર મળી આવતા શહેરમાં ચકચાર મચી ઉઠ્યો છે. જયારે આ બાબતની જાણ પોલીસને થતા તત્કાલ પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચીને પ્રથમ આ હાડપિંજરને બગસરા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યું હતું.ત્યારબાદ આ હાડપિંજરને ભાવનગર એફએસએલ ખાતે ખસેડવામાં આવ્યું છે. આ મહિલાનું હાડપિંજર કોઈ જંગલી જનાવરે ખાધેલું હોવાનું પ્રાથમિક તારણ આવ્યું છે. જયારે આ બાબતે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

# રાજુલામાં નિ:શુલ્ક નેત્ર નિદાન-મોતિયા ઓપરેશન કેમ્પ યોજાશે

રાજુલા:

રાજુલા ખાતે ૧૨ જુલાઈ,ના રોજ શ્રી ગાયત્રી શક્તિપીઠ, કૃષ્ણાનગર સોસાયટી ખાતે સવારે ૯:૦૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી નિ:શુલ્ક નેત્ર નિદાન અને દૃષ્ટિદાન કેમ્પ યોજાશે.

ભારત સરકારના નેશનલ પ્રોગ્રામ ફોર કંટ્રોલ ઓફ બ્લાઈન્ડનેસ અંતર્ગત એ.પી.એમ. ટર્મિનલ્સ ગુજરાત પીપાવ પોર્ટ લિમિટેડ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-ગાયત્રી શક્તિપીઠ રાજુલા તથા સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ દરમિયાન મોતિયા સહિત આંખના વિવિધ રોગોની નિષ્ણાત ડોક્ટરો દ્વારા તપાસ કરવામાં આવશે.

ઉપરાંત જરૂરિયાત મુજબ આંખના નંબરની ચકાસણી કરી ચશ્માની પણ વ્યવસ્થા કરવામાં આવશે. મોતિયાના ઓપરેશન માટે યોગ્ય જણાતા દર્દીઓને તે જ દિવસે સુદર્શન નેત્રાલય, અમરેલી ખાતે દાખલ કરવામાં આવશે.દર્દીઓને ઓપરેશન, નેત્રમણીનું આરોપણ, દવા, રહેવા-જમવાની તેમજ આવવા-જવાની તમામ સુવિધા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આયોજકોએ રાજુલા અને આસપાસના ગામોના જરૂરિયાતમંદ દર્દીઓને કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે. ઓપરેશન માટે આવતા દર્દીઓએ આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અથવા અન્ય માન્ય ઓળખપત્ર સાથે લાવવા જણાવ્યું છે.

# સાતલી નદીના પ્રવાહે લિખાળા-વિજપડી માર્ગ પ્રભાવિત:વાહન ચાલકો અને મુસાફરોને હાલાકી

અમરેલી:


સાવરકુંડલા તાલુકામાં સતત ભારે વરસાદને કારણે માર્ગ વ્યવસ્થા પ્રભાવિત થઈ છે. લિખાળા ગામ નજીક સાતલી નદી પરનો લિખાળા-વિજપડી માર્ગ બંધ થઈ ગયો છે. નદીમાં આવેલા ધસમસતા પ્રવાહને કારણે વાહનવ્યવહાર માટે બનાવેલું ડ્રાયવર્ઝન પાણીમાં ગરકાવ થઈ ગયું છે.



આ ડ્રાયવર્ઝન સાતલી નદી પર નવા પુલના નિર્માણ કાર્ય ચાલુ હોવાથી વાહનોની અવરજવર માટે તાત્કાલિક બનાવવામાં આવ્યું હતું. જોકે, સતત વરસાદ અને નદીના ભારે પ્રવાહને કારણે તે સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયું છે.

પરિણામે, ભેકરા, નાની વડાળ, લિખાળા સહિતના ગામોને વિજપડી સાથે જોડતો આ મુખ્ય માર્ગ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. માર્ગ બંધ થવાથી સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દૈનિક અવરજવર કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા લોકોને પાણીમાંથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે.

# કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા "નેચરલ ફાર્મિંગ" વિષય પર રાષ્ટ્રીય ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું




અમરેલી :

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું હતું. કૃષિ વિસ્તરણ વિભાગના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. કે. વી. મશાલિયાએ "Natural Farming: A Pathway to Sustainable Agriculture" વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સત્ર નવી દિલ્હીની 'એગ્રી મીટ ફાઉન્ડેશન' દ્વારા આયોજિત ૩૦ દિવસીય સમર સ્કૂલ-કમ-ટ્રેનિંગ પ્રોગ્રામ "ANKURAN-2026" ના ૨૨મા દિવસે, તા. ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ યોજાયું હતું.

આ સમગ્ર આયોજન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ થયું હતું. આ ઉપરાંત આચાર્ય ડૉ. પ્રભુ નાયકા અને ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ રાષ્ટ્રીય વેબિનારમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦થી વધુ વરિષ્ઠ વૈજ્ઞાનિકો, કૃષિ અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતો જોડાયા હતા. કાર્યક્રમનું સફળ સંકલન ફાઉન્ડેશનના કોઓર્ડિનેટર ડૉ. રેવાંગીની રાંઝા દ્વારા કરાયું હતું.

વ્યાખ્યાન દરમિયાન ડૉ. મશાલિયાએ પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો અને ભારતીય કૃષિ પરંપરાનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવ્યું હતું. તેમણે જમીનની ફળદ્રુપતા વધારવા માટે બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા અને આચ્છાદન (મલ્ચિંગ) જેવી પદ્ધતિઓ પર ભાર મૂક્યો હતો. રાસાયણિક ખેતીના વધતા ખર્ચ અને પર્યાવરણીય નુકસાન સામે પ્રાકૃતિક ખેતીને એકમાત્ર ટકાઉ વિકલ્પ ગણાવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનની જૈવિક સક્રિયતા વધે છે અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આ પદ્ધતિ ખેડૂતોને આત્મનિર્ભર બનાવી લાંબા ગાળે ખેતીને વધુ નફાકારક અને પર્યાવરણપ્રેમી બનાવે છે. સત્રના અંતે ઉપસ્થિત સહભાગીઓના પ્રશ્નોના યોગ્ય જવાબો આપવામાં આવ્યા હતા અને દેશભરમાં આ ખેતીનો વ્યાપ વધારવા અપીલ કરવામાં આવી હતી તેમ કૉલેજ ઑફ નેચરલ ફાર્મિંગ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પાનસડા ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવા મુદ્દે બે પક્ષે મારઝૂડ અને મારી નાખવાની ધમકી આપી

અમરેલી: બાબરાના પાનસડાના ગામના પ્રભાબેન બાબુભાઈ વશરામભાઈ સોંધરવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ છેલ્લા આશરે ૪૦ વર્ષથી જે જમીનનું વાવેતર કરતા હતા, તે જમીનમાં ૬૬ કે.વી. પાવર સબસ્ટેશન બનાવવાનો નિર્ણય થતાં તેમણે આ અંગે છગન રવજીભાઈ વઘાસીયાને રજૂઆત કરી હતી.

આ વાતનું મનદુઃખ રાખીને તેઓએ જાહેરમાં જાતિ વિષે અપમાનજનક શબ્દો ઉચ્ચારી અપમાનિત કર્યા હતા. ત્યારબાદ દાતરડી વડે બંને હાથ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી.તેમજ બચાવ કરવા આવેલા વ્યક્તિ સાથે પણ ઝપાઝપી કરી તેના ખિસ્સામાંથી રૂપિયા ૧૫૦૦ રોકડા બળજબરીથી લઈ લીધા હોવાનું જણાવ્યું છે.

તો સામે પક્ષે પણ છગનભાઈ વલ્લભભાઈ વઘાસીયાએ ફરિયાદ આપી છે કે, બાબુ વશરામભાઈ સોંધરવા અને અન્ય એક વ્યક્તિ સાથે ૬૬ કે.વી. પાવર હાઉસના કામને લઈને મનદુઃખ રાખીને તેમને મોટરસાયકલ પર જતા રોકી ધક્કો મારી નીચે પાડી દઈ ઈજા મારપીટ કરી ઈજા પહોંચાડી હતી. અને શર્ટનું ખિસ્સું ફાડી તેમાં રહેલા રૂપિયા ૯ હજાર રોકડા લૂંટી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે બાબરા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે છગન રવજીભાઈ વઘાસીયા, બાબુ વશરામભાઈ સોંધરવા અને બાબુભાઈની પત્ની વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં જળાશયમાં નહાવા પર પ્રતિબંધ

## જાહેરનામાનો ભંગ કરનાર ૩ સામે રાજુલા પોલીસે ગુનો નોંધ્યો



અમરેલી:

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ નજીક ઘાતરવડી નદીમાં જાહેરનામાનો ભંગ કરીને નહાવા બદલ રાજુલા પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહી જિલ્લામાં જળાશયોમાં જોખમી પ્રવૃત્તિઓ અટકાવવા માટેના જાહેરનામાના ભંગ બદલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે નદીઓ, ચેકડેમ, નાના-મોટા ડેમ અને તળાવો છલકાઈ ગયા છે. આવા સમયે લોકો પાણીના પ્રવાહ નજીક જતા, સેલ્ફી લેતા કે નહાવા પ્રવેશતા હોય છે, જેનાથી દુર્ઘટનાઓ બનવાનો ભય રહે છે. આથી, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અમરેલી જિલ્લા અધિક કલેક્ટરે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું હતું.

આ જાહેરનામા અંતર્ગત જળાશયો, નદીઓ, તળાવો અને દરિયાકાંઠે નહાવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતે તમામ પોલીસ સ્ટેશનોને પેટ્રોલિંગ વધારવા અને જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. રાજુલા પંથકમાં ભારે વરસાદ બાદ ધારેશ્વર ગામ નજીક ઘાતરવડી નદીમાં સ્મશાન પાસે પાણી ભયજનક સપાટી પર હતું, જયાં ત્રણ વ્યક્તિઓ પાણીમાં નહાતા જોવા મળ્યા હતા.

રાજુલા પોલીસે આ ત્રણેય વ્યક્તિઓને પાણીમાંથી બહાર બોલાવી પૂછપરછ કરી હતી. જાહેરનામાની જાણ હોવા છતાં તેઓ પાણીમાં નહાવા ગયા હતા. પોલીસે જાતે ફરિયાદી બનીને વિજયભાઈ બાબુભાઈ મકવાણા, વિશાલભાઈ હિંમતભાઈ સોલંકી અને અજય કનુભાઈ સોલંકી સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# રીંગણીયાળા પાસે થાણા નદીમાં ૭૦ વર્ષીય ખેડૂતનું ડૂબી જતાં મોત

રાજુલા:રાજુલા તાલુકાના રીગણીયાળા ગામના ૭૦ વર્ષીય ખેડૂત પુનાભાઈ આપાભાઈ બોરીચાનું થાણા નદીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું છે. અચાનક નદીમાં આવેલા પાણીના પ્રવાહમાં તેઓ તણાઈ ગયા હતા. બીજા દિવસે સવારે સ્થાનિકોને નદીમાં તેમનો મૃતદેહ દેખાતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.મળતી માહિતી મુજબ, પુનાભાઈ બોરીચા મંગળવારે સાંજે રાજુલાથી ખરીદી કરીને પોતાના ગામ રીગણીયાળા પરત ફરી રહ્યા હતા. વડલી અને રીગણીયાળા વચ્ચે આવેલી થાણા નદી પાસેથી પસાર થતા સમયે અચાનક પાણીનો પ્રવાહ વધતા તેઓ તેમાં તણાઈ ગયા હતા.

ઘટના સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી તેમને બચાવી શકાયા નહોતા અને સમગ્ર રાત તેઓ ગુમ રહ્યા હતા. બુધવારે સવારે રીગણીયાળાથી રાજુલા તરફ જતા ગ્રામજનોએ નદીમાં મૃતદેહ તરતો જોઈ તાત્કાલિક ગામના સરપંચ વનરાજભાઈ ધખાડાએ તંત્રને જાણ કરી હતી.ઘટનાની જાણ થતા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, તાલુકા મામલતદાર ચેતનભાઈ શિયાળ તેમજ પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. સરપંચ સહિત ગ્રામજનો સ્થળ પર પહોંચ્યા અને મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે રાજુલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**ચલાલા નગરપાલિકા - ચલાલા**

જીલ્લો : અમરેલી

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ**

આથી ચલાલા નગરપાલિકા, ચલાલા, જી.અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનં.૧:- સને ૨૦૨૪-૨૫ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત વોર્ડનં. ૧ થી ૬માં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનો કચરો, કન્ટેનર લીફટીંગ કરી કચરો એકત્રીત કરી નગરપાલિકા લેન્ડ ફીલ સાઇટ ઉપર પરિવહન કરવાનું કામ (બિજો પ્રયત્ન) કરાવવા માટે તા.૧૩/૦૭/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ **https://tender.nprocure. com** ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. ચલાલા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર, ચલાલા નગરપાલિકા — પ્રમુખ, ચલાલા નગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

